# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-06-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – ત્રણ સ્વદેશી જહાજો રાષ્ટ્રને સમર્પિત કર્યા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  આધુનિક વિશ્વમાં દરિયાઈ શક્તિના મહત્વ પર ભાર મૂકતા મજબૂત દરિયાઈ ક્ષમતાઓ દેશના આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ માટે નિર્ણાયક પરિબળ હોવાનું જણાવ્યું છે.

પ્રધાનમંત્રીએ  પશ્ચિમ બંગાળના કોલકાતામાં શ્યામા પ્રસાદ મુખર્જી બંદર પર ત્રણ સ્વદેશી રીતે ડિઝાઇન અને નિર્મિત નૌકા જહાજો - INS દુનાગિરી,  INS સંશોધક, અને  INS અગ્રેય રાષ્ટ્રને સમર્પિત કરતાં આ મુજબ જણાવ્યું.

તાજેતરની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય નૌકાદળમાં 40 થી વધુ સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજો અને સબમરીનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**--------------------------------------------------------------------------------**

## યોગ દિવસની દેશ, રાજ્ય અને જિલ્લામાં ઉજવણી

સમગ્ર વિશ્વ સહિત દેશભરમાં ગઇકાલે વધતી ઉંમરની અસરોને રોકવા યોગ ની વિષયવસ્તુ સાથે  12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતામાં યોગ દિવસના મુખ્ય કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મધ્યપ્રદેશના જબલપુરમાં યોગ કર્યા.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને લદ્દાખના લેહમાં આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો. વિવિધ રાજ્યોમાં પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. ગુજરાતમાં, ગાંધીનગરના માણસા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો. તેમણે યોગને રાષ્ટ્ર નિર્માણની શક્તિ બનાવી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત 2047ના સંકલ્પને સાકાર કરવાની નેમ વ્યક્ત કરી. સમગ્ર રાજ્યમાં આજે એક સાથે 330 સ્થળોએ સવા કરોડથી વધુ બાળકો, યુવાનો અને વડીલોએ યોગાભ્યાસ કર્યો.

દરમિયાન જિલ્લા મથક ભુજના મિયાવકીવનમાં રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાએ 2 હજારથી વધુ લોકો સાથે યોગ દિવસ ઉજવ્યો . સમગ્ર જિલ્લામાં યોગ દિવસ નિમિત્તે તાલુકાકક્ષાએ 10 કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં નાગરિકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અબડાસાના પિંગલેશ્વર બીચ ખાતે યોગ દિવસની ઉજવણીમાં સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહની ઉપસ્થિતિમાં યોગનો કાર્યક્રમ યોજાયો હતો.

-----------------------------------------------------------------------------------

## NEET પુન: પરીક્ષા દેશ – જિલ્લમાં શાંતિપૂર્ણ રીતે યોજાઇ

સ્નાતક મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય પાત્રતા-કમ-પ્રવેશ પરીક્ષા-NEET-UG 2026 પુનઃપરીક્ષા ગઇકાલે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાઇ. આ પરીક્ષા દેશના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં લેવામાં આવી જેમાં 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો હાજર રહ્યા. આ પરીક્ષા બપોરે 2 વાગ્યાથી સાંજે 5:15 વાગ્યા સુધી અંગ્રેજી અને 12 ભારતીય ભાષાઓમાં લેવામાં આવી. ગુજરાતમાં પણ 211 કેન્દ્ર પર પરીક્ષા લેવાઈ જેમાં 78 હજારથી વધુ વિદ્યાર્થીએ પરીક્ષા આપી. ત્યારે જિલ્લાના ચાર કેન્દ્રો પર શાંતિપૂર્ણ માહોલમાં 1,416 છાત્રોએ નીટની પુન:

પરીક્ષા આપી હતી. પરીક્ષા કેન્દ્રો પર સઘન પોલીસ બંદોબસ્ત વચ્ચે સમગ્ર પરીક્ષા કોઇપણ અનિચ્છનીય ઘટના વિના શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ તેવું જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું. નીટની પુન: પરીક્ષા પ્રશ્નોપત્રો સીમા સુરક્ષા દળના જવાનોના ચુસ્ત બંદોબસ્ત સાથે કેન્દ્રો પર પહોંચાડવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------

## રાજ્ય સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ આજે

રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ આજે યોજાશે. રાજ્યમાં આવતીકાલથી 25 જૂન દરમિયાન યોજાનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે આ મહિનાનો રાજ્ય સ્વાગત ગુરૂવારને બદલે આજે યોજાશે. જેમાં રજૂઆત કર્તાઓ આજે સવારે 8 વાગ્યાથી 11 વાગ્યા સુધીમાં પોતાની રજૂઆતો, સ્વર્ણિમ સંકુલ-2 ગાંધીનગર ખાતે રૂબરૂ ઉપસ્થિત રહીને આપી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોર બાદ પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો SWAGAT ONLINE ના નિવારણ-ઉકેલ માટે માર્ગદર્શન કરશે.

---------------------------------------------------------------------------------

## કચ્છ દબાણ હટાવ કામગીરી

કચ્છ જિલ્લામાં સરકારી જમીનો પર વર્ષોથી કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો ગઇકાલે દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ. મુંદ્રા, માંડવી, નારાયણ સરોવર, જખૌ, માનકુવા, ખાવડા, નખત્રાણા અને નિરોણા સહિતના વિસ્તારોમાં આ કાર્યવાહી કરવામાં આવી. આ અભિયાન દરમિયાન કુલ 19 હજાર 174 ચોરસ મીટર વિસ્તાર પરથી અંદાજે 93 લાખ રૂપિયાથી વધુ મૂલ્યના દબાણો હટાવવામાં આવ્યા.

---

## મહિલા ક્રિકેટ

પ્રધાનમંત્રી મહિલા ટી 20 વિશ્વકપની મેચમાં દક્ષિણ આફ્રિકાની ટીમે ભારતીય ટીમને 6, વિકેટે હરાવી બીજી સફળતા મેળવી છે, જ્યારે ભારતની ટીમે પ્રથમવાર પરાજય ખમવો પડ્યો છે. માન્ચેસ્ટરના  ઓલ ટ્રેફર્ડ પરની મેચમાં ભારતના 7 વિકેટે 158 રન સામે દક્ષિણ આફ્રિકાની ટીમે 4 વિકેટ ગુમાવી 161 રન કરી મેચ જીતી લીધી હતી.

મર્ઝિના કાપ 81 રન કરી નોટ આઉટ રહ્યા હતા.  શ્રી ચારનીએ ત્રણ વિકેટ ઝડપી હતી. એ અગાઉ ભારતે 7 વિકેટના ભોગે 158 રન કર્યા જેમાં શેફાલી વર્માના 31 રન મુખ્ય હતા.

---